Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# ઓમપ્રકાશ વાલ્મીકિના 'सलाम' વાર્તાસંગ્રહમાં દલિતચેતના

-ચૌધરી હેતલબેન જેવતભાઈ

દલિત સાહિત્ય તે સ્વાનુભૂત પીડા અને સામાજિક ન્યાયની માંગ કરતું 'ચેતનાનું સાહિત્ય' છે. ઓમપ્રકાશ વાલ્મીકિની વાર્તાઓમાં દલિત ચેતના માત્ર આક્રોશ પૂરતી સીમિત નથી, પરંતુ તે આંબેડકરવાદી વિચારધારાના પ્રકાશમાં પોતાના અધિકારો અને સ્વમાનની વૈચારિક લડાઈ લડે છે. 'सलाम'(વર્ષ ૨૦૦૦/૨૦૦૪) વાર્તાસંગ્રહ ગામડાંથી લઈને શહેરના ભદ્ર સમાજ અને સરકારી કચેરીઓ સુધી વ્યાપેલી જાતિવાદની માનસિકતાનું માઇક્રો-લેવલ પર ચીરફાડ કરે છે.

હવે સંગ્રહની પ્રત્યેક વાર્તાને દલિત ચેતનાના સંદર્ભમાં તપાસીએ.

सलाम : પરંપરાગત શોષણ સામે વિદ્રોહ

આ વાર્તા દલિત યુવાન હરીશ અને તેના સવર્ણ મિત્ર કમલની આસપાસ ફરે છે. કમલ જ્યારે હરીશના ગામમાં જાય છે ત્યારે તેને ગ્રામીણ જાતિવાદની ભયાનકતાનો પરિચય થાય છે. ચા વાળો જાતિ જાણીને કમલને અપમાનિત કરે છે. બીજી તરફ, હરીશ દલિત વરરાજા દ્વારા સવર્ણોના ઘરે જઈને સલામ કરવાની ગુલામીભરી પ્રથાનો બહિષ્કાર કરે છે. આ વાર્તા દલિતોમાં આવેલા આત્મસન્માનના જાગરણનું પ્રતીક છે.

*"मैं इस रिवाज को आत्मविश्वास तोड़ने की साजिश मानता हूँ। यह 'सलाम' की रस्म बंद होनी चाहिए।"* (પેજ ૧૭)

અને સવર્ણ માનસિકતા દર્શાવતું વાક્ય: *"यहाँ चूड़े-चमारों को मेरी दुकान में तो चाय ना मिलती...कहीं और जाके पियो।"* (પેજ ૧૨)

सपना : ધાર્મિક સ્થાનો પર અસ્પૃશ્યતા અને અધિકારની લડાઈ

આધુનિક ફેક્ટરી કોલોનીમાં મંદિર નિર્માણમાં દલિત મજૂરો (ગૌતમ વગેરે) પરસેવો પાડે છે, પરંતુ જ્યારે પ્રતિષ્ઠાનો સમય આવે છે ત્યારે બ્રાહ્મણવાદી માનસિકતા ધરાવતો નટરાજન દલિતોને પાછળ

બેસવા મજબૂર કરે છે. આ વાર્તા દેખાડે છે કે શ્રમ પર ટકેલા ધાર્મિક સ્થાનોમાં શ્રમિકો માટે જ કોઈ જગ્યા નથી. ઋષિરાજનો પ્રતિકાર એ દલિત ચેતનાનો વિસ્ફોટ છે.

ઋષિરાજનો ક્રોધ : *"यह मंदिर उसका भी है...वह यहाँ से नहीं उठेगा, इतना समझ लीजिए नटराजन जी।"* (પેજ ૨૯)

बैल की खाल : શ્રમનું અવમૂલ્યન અને અમાનવીયતા

કાલે અને ભૂરે આજીવિકા માટે મરેલાં ઢોર ઊંચકવા મજબૂર છે. સવર્ણો તેમને ધિક્કારે છે પરંતુ પોતાનું ગંદુ કામ તેમના વિના કરી શકતા નથી. વાર્તાના અંતમાં જ્યારે એક વાછરડી મરે છે, ત્યારે દલિત પાત્રોની સંવેદના સવર્ણો કરતા વધુ જીવંત દેખાય છે. દલિત માત્ર વ્યવસ્થાનું એક યંત્ર બની ગયો છે.

*"सड़ने दे...इस सडांध में हम गले-गले तक डूब जाते हैं। किसे परवाह है... कोई अपने धोरे (पास) बी ना बैठावे हैं।"* (પેજ ૩૫)

भय : સાંસ્કૃતિક દ્વંદ્વ અને માનસિક આઘાત

શહેરી અને ભદ્ર સમાજમાં રહેતો દિનેશ પોતાની દલિત ઓળખ છુપાવે છે. જ્યારે તેના મામા અને માતા પછાત દેવી 'માઈ મદારન' ની બલિ પૂજા માટે દબાણ કરે છે, ત્યારે તેને પોતાનો સવર્ણ મિત્ર તિવારી તેની જાતિ જાણી જશે તેવો કાલ્પનિક અને વાસ્તવિક ભય સતાવે છે. આ વાર્તા શિક્ષિત દલિત યુવાનોના મનોવૈજ્ઞાનિક દ્વંદ્વ અને 'ઓળખ છુપાવવાની પીડા'નું ઉત્તમ ઉદાહરણ છે.

*"दिनेश बदहवासी में दौड़ रहा था... एक अनजाना भय उसकी रग-रग में समा गया था। वह भाग रहा था।"* (પેજ ૪૭)

कहाँ जाए सतीश ? : શહેરી ભદ્રલોકનો આભડછેટ

શહેરોમાં જાતિવાદ નથી તેવો ભ્રમ આ વાર્તા તોડે છે. સતીશ (દલિત વિદ્યાર્થી) પોતાની જાતિ છુપાવીને મિસેજ પંત (બ્રાહ્મણ)ના ઘરે ભાડે રહે છે. જ્યારે તેના ગરીબ દલિત માતા-પિતા તેને શોધતા આવે છે, ત્યારે મિસેજ પંતનું સવર્ણ રૂપ બહાર આવે છે. શિક્ષિત દલિત પાસે આ સમાજમાં જગ્યા ક્યાં છે? તે પ્રશ્ન લેખક ઊભો કરે છે.

*"एक डोम को घर में रखा, किराएदार बनाकर। अगर मुझे पता होता तो घर में घुसने भी न देती उसे।"* (પેજ ૫૧)

गौहत्या : સામંતશાહી અત્યાચાર અને ન્યાયનો ઉપહાસ

ગાયના મૃત્યુનો આરોપ સુક્કા નામના દલિત પર થોપી દેવામાં આવે છે કારણ કે તેણે મુખિયાની સામે અવાજ ઉઠાવવાની હિંમત કરી હતી. 'પંચાયત' અને 'ધર્મ'નો ઉપયોગ દલિતોને દબાવવા માટે કેવી રીતે થાય છે તેનું આ શ્યામ ચિત્ર છે. ગરમ લોખંડ પકડાવીને થતો ન્યાય એ દલિત ચેતનાને ડામવાનો સામંતી પ્રયાસ છે. ન્યાયની આડમાં ક્રૂરતા: *"हल में काम आने वाली लोहे की फाल को आग में तपाया जाएगा। जिसे दोनों हाथों में थामकर सुक्का 'गऊमाता, गऊमाता'... कहता हुआ, दस कदम चलेगा।"* (પેજ ૬૨)

ग्रहण અને बिरम की बहू : દલિત દેહનું શોષણ અને માનસિક પીડા

આ બંને વાર્તાઓ એકબીજા સાથે જોડાયેલી છે. વાંઝિયાપણાનો મેણો સહન કરતી સવર્ણ સ્ત્રી (બિરમની વહુ) અંધારામાં ગ્રહણનું દાન લેવા આવેલા દલિત યુવાન રમેસરનો શારીરિક ઉપયોગ કરે છે. પરંતુ ગર્ભવતી થયા પછી તે જ સ્ત્રી મંદિરે જતા રમેસરને ઓળખવાનો ઇનકાર કરે છે. આ વાર્તા બતાવે છે કે સવર્ણ સમાજ દલિતના શ્રમ અને વીર્યનો ઉપયોગ કરે છે, પરંતુ તેને સામાજિક સ્વીકૃતિ આપતો નથી.

(ગ્રહણ): *"मुझे एक बच्चा चाहिए... बाँझपन की पीड़ा से मुक्ति चाहिए...!"* (પેજ ૬૯)

(બિરમ કી બહૂ): *"रमेसर की आँखें भरी दुपहर में साँझ के गहरे धुँधलके से भर गई थीं... कच्चे रास्ते पर बहू जी के पाँव के निशान उसके तन-मन को छलनी कर रहे थे।"* (પેજ ૭૭)

पच्चीस चौका डेढ़ सौ : શિક્ષણ દ્વારા વિસ્ફોટ અને અજ્ઞાનતાનું અર્થશાસ્ત્ર

સવર્ણ ચૌધરીએ અશિક્ષિત દલિત પિતાને છેતરીને "૨૫ x ૪ = ૧૫૦" શીખવ્યું હતું જેથી વધુ વ્યાજ પડાવી શકાય. પુત્ર સુદીપ જ્યારે ગણિત ભણીને પિતાને સાબિત કરે છે કે ૨૫ ચોક ૧૦૦ જ થાય છે, ત્યારે પિતાની અંધશ્રદ્ધા અને ચૌધરી પ્રત્યેનો ભ્રમ તૂટે છે. શિક્ષણ અહીં દલિત ચેતનાના હથિયાર તરીકે ઊભરી આવે છે.

*"देखो, पच्चीस चौका सौ हुए... डेढ़ सौ नहीं।"* (પેજ ૮૪) અને પિતાની મનોવ્યથા: *"उनके चेहरे पर पीड़ा का खंडहर उग आया था... उनके अंतस् में एक टीस उठी, जैसे कह रहे हों, 'कीड़े पड़ेंगे चौधरी... कोई पानी देने वाला भी नहीं बचेगा।'"* (પેજ ૮૪)

अंधड़ : 'એલિટ' દલિતનું ઓળખ-સંકટ

ઉચ્ચ પદ પર પહોંચી ગયેલા વૈજ્ઞાનિક મિ. એસ. લાલ (મૂળ નામ સુક્કડ લાલ) પોતાની દલિત ઓળખ, ભૂતકાળ અને સંબંધીઓને નકારીને જીવે છે. જ્યારે તેમની દીકરી પિંકી તેમની આ હીનભાવના પર સવાલ ઉઠાવે છે, ત્યારે મિ. લાલના મનમાં આંતરિક વાવાઝોડું (અંધડ) આવે છે. આ વાર્તા દલિત બૌદ્ધિકોમાં રહેલા 'એલિયનેશન' અને મૂળ તરફ પાછા ફરવાની ચેતનાને દર્શાવે છે.

*"मेरी असली पहचान तो यह 'सुक्कड़' ही है, जिसे मैंने एस. लाल में बदलकर एक झूठी जिंदगी को सच मान लेने की कोशिश की।"* (પેજ ૯૨)

जिनावर : સામંતી જાતીય શોષણ અને દલિત વફાદારીનો અંત

માલિકનો વફાદાર નોકર જગેસર જ્યારે માલિકની વહુને મૂકવા જાય છે ત્યારે તેને માલિક (ચૌધરી)ના બળાત્કારી સ્વરૂપની ખબર પડે છે. તેને અહેસાસ થાય છે કે પોતે અત્યાર સુધી એક 'જાનવર'ની સેવા કરતો હતો. આ ચેતના જગેસરને મશીનમાંથી મનુષ્ય બનાવે છે અને તે વિદ્રોહ કરે છે. બહૂનો ક્રોધ: *"कमबख्त कीड़े पड़के मरेगा। हाथ-पाँव टूट-टूटकर गिरेंगे... आदमी नहीं जंगली जिनावर है।"* (પેજ ૧૦૧)

कुचक्र : સંસ્થાગત જાતિવાદ

ઓફિસમાં જ્યારે દલિત કર્મચારી આર.બી. ને પ્રમોશન મળવાનું હોય છે, ત્યારે તેના સવર્ણ સહકર્મીઓ ઈર્ષ્યાળુ બની જાય છે. તેઓ તેની વિરુદ્ધ ષડયંત્ર રચે છે, એ.સી.આર. ખરાબ કરે છે અને અંતે પોલીસના મારફતે ખોટા કેસમાં ફસાવે છે. આ વાર્તા વહીવટીતંત્રમાં દલિતો સામે થતા 'સફેદ કોલર' અત્યાચારોનો પર્દાફાશ કરે છે.

*"अफसोस है मि. वी. के. मुझे आपके जातिगत पूर्वाग्रहों का शिकार होना पड़ा। आपकी रुचि काम से ज्यादा जातीय अहम की पुष्टि में है..."* (પેજ ૧૧૧)

अम्मा : શ્રમનું ગૌરવ અને નૈતિક પતન સામેનો સંઘર્ષ

અમ્મા સફાઈ કામદાર તરીકે આખી જિંદગી વિતાવે છે, પરંતુ નૈતિકતા ક્યારેય છોડતી નથી. જ્યારે તેનો ભણેલો દીકરો શિવચરણ ભ્રષ્ટ બને છે અને પૌત્ર મુકેશ પૈસા માટે ચારિત્ર્યહીન કામ કરે છે, ત્યારે અમ્મા તેમની હરામની કમાણી ઠુકરાવી દે છે. દલિત સ્ત્રીનું આત્મસન્માન અને નવી પેઢીના નૈતિક પતનનું આ માર્મિક ચિત્રણ છે.

અમ્માની ખુદ્દારી: *"उस सुख की खातिर मुझे काम करना पड़ रहा है तो आखरी साँस तक करूँगी।"* (પેજ ૧૨૨)

खानाबदोश : મૂડીવાદ અને જાતિવાદની બેવડી માર

ઈંટોના ભઠ્ઠા પર કામ કરતા સુકિયા અને માનો પોતે એક પાકું ઘર બનાવવાનું સ્વપ્ન જુએ છે. પરંતુ ભઠ્ઠાનો માલિક સૂબેસિંહ માનો પર દાનત બગાડે છે અને નમતું ન જોતા તેમની મહેનતથી પાડેલી કાચી

ઈંટો તોડી નાખે છે. શ્રમિક દલિતના સ્વપ્નો કેવી રીતે મૂડીપતિઓ દ્વારા કચડવામાં આવે છે તેની આ સંવેદનશીલ કથા છે.

સપના તૂટવાની પીડા: *"चल! ये लोग म्हारा घर ना बणने देंगे।" पक्की ईंटों के मकान का सपना उनकी पकड़ से फिसलकर और दूर चला गया था।* (પેજ ૧૩૨)

ઓમપ્રકાશ વાલ્મીકિના પાત્રો માત્ર ભાગ્યને દોષ આપતા નથી (જેમકે પ્રેમચંદના પાત્રો), પરંતુ તેઓ અન્યાયના મૂળ કારણ (વર્ણવ્યવસ્થા)ને ઓળખે છે અને તેનો પ્રતિકાર કરે છે (દા.ત. સલામ, પચ્ચીસ ચૌકા ડેઢ સૌ, કુચક્ર). લેખક સ્પષ્ટ કરે છે કે શહેરીકરણ અને આધુનિકતાએ અસ્પૃશ્યતાને નાબૂદ નથી કરી, માત્ર તેનું સ્વરૂપ બદલ્યું છે (ભય, કહાં જાયે સતીશ, કુચક્ર). દલિત સ્ત્રી માત્ર સવર્ણ પુરુષોના જ નહીં, પરંતુ સાંસ્કૃતિક શોષણનો પણ શિકાર બને છે, છતાં તેનામાં રહેલી સંઘર્ષશીલતા અદ્ભુત છે (અમ્મા, ખાનાબદોશ).

આમ, 'સલામ' સંગ્રહની પ્રત્યેક વાર્તા એક એવા દલિતની કથા છે જે હવે મૂંગો નથી, પરંતુ પોતાના અસ્તિત્વ અને અસ્મિતા માટે પ્રશ્નો પૂછી રહ્યો છે અને વ્યવસ્થાની આંખમાં આંખ મિલાવીને ઊભો છે.

સંદર્ભ ગ્રંથ :


૧. વાલ્મીકિ, ઓમપ્રકાશ. *सलाम* (કહાની સંગ્રહ). રાધાકૃષ્ણ પ્રકાશન, નવી દિલ્હી, સંસ્કરણ: ૨૦૦૪.

૨. શર્મા, ડૉ. પ્રદીપ. દલિત સાહિત્ય: સંવેદના ઔર વિમર્શ.

૩. આંબેડકર, ડૉ. બી.આર. એનિહિલેશન ઓફ કાસ્ટ (જાતિભેદ નિર્મૂલન).


---


ચૌધરી હેતલબેન જેવતભાઈ
પીએચ.ડી. સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.